જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૧૩ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા  હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૩૭૭૦/૧૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી ૧૩ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઇગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ કાર, ૧ ઓટોરિક્ષા અને ૧ એક્ટીવા સ્કુટર કબજે કર્યુ હ્તુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧૬/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૩૭૭૧/૧૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-   સમાચાર યાદી નં.૩૭૭૨/૧૩

તા.૧૪/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહ્ન ચાલકો વિરૂધ્ધ ૬૧૨૨ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૭૨,૩૨૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૧ વાહ્નો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૬૯ વાહ્નો ટો કરી રૂપિયા ૧૨,૮૨૫/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦ વાહ્ન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૧ વાહ્ન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૫ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહ્ન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૩૧૬૪ કેસ કરી રૂપિયા ૧,૫૮,૧૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૧૪/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૫,૮૫,૭૮૯ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૪૬,૫૦,૯૦૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## લુંટ :-   સમાચાર યાદી નં.૩૭૭૩/૧૩

**જી.આઇ.ડી.સી.વટવા** : દિનેશભાઇ બાબુભાઇ ભોંઇ (રહે. ગામ.ગતરાડ, વેસવીધા ખેતરમાં, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ)એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૩ રાતનાં ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે મહેમદાવાદ રોડ રામવાડી કાંટા પાસે ઉમીયા ટીમ્બર સ્માર્ટ આગળ એક ફોર વ્હીલ ગાડી નંબર. જીજે ૧૦ એપી ૨૫૭૯ માં ત્રણ અજાણ્યા પુરૂષ આવી દિનેશભાઇને હોકીથી માર મારી ખિસ્સામાંથી બે મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૭,૦૦૦/- ની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.વી.ગોહીલ ચલાવે છે.

**અપહરણ/બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૭૭૪/૧૩**

**રામોલઃ** અમદાવાદ વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરુણીના પિતાએ તા.૧૪/૧૨/૧૩ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૫/૧૨ બપોરનાં ૧/૦૦ વાગ્યાનાં સુમારે વસ્ત્રાલ સુરેલીયા સર્કલ પાસેથી બે અજાણ્યા છોકરા (જોયેથી ઓળખુ છું.) પોતાની ૧૭ વર્ષની પુત્રીનુ અપહરણ કરી લઈ જઈ તા.૧૦/૧૨/૧૩ સમયગાળા દરમ્યાન આ બે છોકરાઓએ પોતાની પુત્રીને આરોપી (૧) કાળુભાઈ મેલાભાઈ રાવળ (રહે.રામ જસવંત તાલુકો મહેમદાબાદ જીલ્લો ખેડા) અને (૨) પુજાભાઈ હોથાભાઈ રાવળ (રહે.ગામ રવદાવત તાલુકો કપડવંજ જીલ્લો ખેડા)ને રૂપિયા ૩૦,૦૦૦/- માં વેચી દીધી હતી. આ હકીકત આરોપી (૩) રામસિંહ સબુરભાઈ ઝાલા (રહે.રામ જસવંત તાલુકો મહેમદાબાદ જીલ્લો ખેડા) જાણવા છતાં, આરોપી કાળુભાઈ રાવળ સાથે પોતાની પુત્રીના લગ્ન કરાવી દીધા હતા. ત્યારબાદ આરોપી કાળુભાઈ રાવળે (ફરીયાદીની પુત્રી)ની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ અંગે રામોલ પોલીસે અપહરણ, બળાત્કાર અને બાળલગ્ન અધિનિયમ હેઠળ ગુનો નોધી ઉપરોક્ત ત્રણ આરોપીઓની ધરપકડ કરી આજ રોજ કોર્ટ સમક્ષ રજુ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એ.એ.દેસાઈ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૭૭૫/૧૩**

**દરીયાપુર** : નઝીરભાઇ ઇબ્રાહીમભાઇ ઘાંચી (રહે.રૂબીના એપાર્ટમેન્ટ, મસ્તાન મહોલ્લો, દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૩ રાતનાં ૧૦/૦૦ થી તા.૧૪/૧૨/૧૩ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી જુદી-જુદી બેંકનાં ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઇવીંગ લાયસન્સ તેમજ સેમસંગ ગેલેક્સી ગ્રાન્ડ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, નોકિયા કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦૦૦/- અને પર્સમાં મુકેલ રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.જાડેજા ચલાવે છે.

**રામોલ** : કલ્પેશભાઇ ભગવાનભાઇ પ્રજાપતિ (રહે. માધવ બંગ્લોઝ, વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૧૩ સવારના ૧૦/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન માધવ ૯૯ ની ઓફીસ સામે પાર્ક કરેલ પોતાની ગાડીનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી એચ.પી કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**ઘાટલોડીયા** : કોકીલાબહેન સુરેશભાઇ પટેલ (રહે. સ્નેહા બીલ્ડીંગ પ્લોટ નં ૧૧, બીલ્ડીંગ નં ૭ બરલોટાનગર મુર્ડી ,કોંટોમેટ પુના, મહારાષ્ટ્ર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૧૩ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે ઘાટલોડીયા, AEC બ્રીજની બાજુમાં, મનોરમા પાર્ટી પ્લોટની અંદરથી બે અજાણ્યા છોકરા (૧૪ થી ૧૫ વર્ષના આશરાનાં) કોકીલાબહેનનાં પર્સની ચોરી કરી લઇ ગયા હતા. પર્સમાં સોનાની નંગવાળી વિંટી કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાની લગટી નંગ-૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/, સેમસંગ કંપનીનો મોબાઇલ કિમત રૂપિયા ૧,૨૦૦/- અને રોકડ રૂપિયા ૯,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૭૦૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ કુબાભાઇ ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૭૬/૧૩**

**કાલુપુર :** આનંદભાઇ રવિન્દ્રકુમાર રાણા (રહે.ગોપાલ પ્લાઝા, ગોપાલપાર્કની સામે, વસ્ત્રાપુર) એ તા.૨/૧૨/૧૩ બપોરના ૨/૩૦ વાગે રીલીફ રોડ, કાલુપુર ઝવેરીવાડની સામે રેમન્ડ શોરૂમ બહાર પોતાની મોટર સાયકલ નંબર જીજે ૧ પી.કે. ૫૧૭૯ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ આનંદભાઇ રાણાએ તા.૧૪/૧૨/૧૩ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.પટેલ ચલાવે છે.

**સરખેજ :** કલ્પેશકુમાર જશવંતભાઇ પટેલ (રહે.ધુમા ગામ) એ તા.૧૪/૧૨/૧૩ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે કે તા.૨૨/૧૧/૧૩ બપોરનાં ૩/૩૦ વાગે સરખેજ એસ.જી.હાઇ-વે ઉપર આવેલ ગેલોપર્સ કંપનીની બહાર ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ પોતાની સેરવોલેટ બીટ કાર નંબર જીજે ૧ કે.પી. ૮૭૫ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ કલ્પેશકુમાર પટેલે આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીભાઇ ઇશ્વરભાઇ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** ગણપતભાઇ શાંતીજી ઠાકોર (રહે.ખોડીયાર માતાનો વાસ, ચાંદલોડીયા) એ તા.૧૨/૧૨/૧૩ રાતનાં ૮/૦૦ વાગે જગતપુર રોડ, શિવમંદીર પાસે, નીધી કોર્પોરેશન નામની ઓફીસ આગળ પોતાની મહિન્દ્રા બોલેરો કાર નંબર જીજે ૧ ડીટી ૫૩૬૨ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૧૨/૧૩ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ગણપતભાઇ ઠાકોરે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.ઝાલા ચલાવે છે.

**શાહીબાગ :** પરેશકુમાર ગીરધારીલાલ શાહ (રહે. ઋષિકા એપાર્ટમેન્ટ સુજાતા ફલેટ પાસે શાહીબાગ) એ તા.૭/૧૨/૧૩ સાંજનાં ૭/૩૦ વાગે પોતાના ઘર નજીક પોતાનું હીરો હોંડા એકટીવા નંબર જીજે ૧ એસબી ૨૬૩૪ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૮/૧૨/૧૩ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પરેશકુમાર શાહે તા.૧૪/૧૨/૧૩ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી. ઝાલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૭૭૭/૧૩**

**ઓઢવ :** તા.૬/૧૨/૧૩ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે રોયલ હોટલ સામે રીંગ રોડ ઉપરથી ચંદ્રનાથ ઉર્ફે એકનાથ દગડુ ડાંગે (રહે. કર્ણાવતી એસ્ટેટ રોયલ હોટલની પાછળ, રીંગરોડ, ઓઢવ) પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે ચંદ્રનાથને ટક્કર મારી ગંભીર ઇજાઓ પહોંચાડી નાસી ગયો હતો. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૧૩ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ચંદ્રનાથના ભત્રીજા લક્ષ્મણ રામચંદ્ર (રહે.કર્ણાવતી એસ્ટેટ રોયલ હોટલની પાછળ, રીંગરોડ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે કે આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ટી.તલસાણીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૩૭૭૮/૧૩**

**વટવા :** રાધાદેવી અમીતભાઇ ભારતી (ઉ.વ.૨૩) (રહે.એ.એમ.એગ્રો. ઇન્ડ.,જેતલપુર) એ પોતાને લગ્નજીવનનાં ચાર વર્ષ થયા હતા. પરંતુ સંતાન ન હોવાથી મનમાં લાગી આવતા તા.૧૩/૧૨/૧૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "જે" ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.